ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

જિલ્લામાં ત્રિકોણીય જંગ ખેલાશે

આમ આદમી પાર્ટીએ માણસામાં ભાસ્કરભાઈ પટેલની પસંદગી કરી, ગાંધીનગર (ઉ), દહેગામ, ગાંધીનગર (દ)માં ત્રિપાંખિયો જંગ રોચક બનશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો પર ત્રિપાખિયો જંગ જામશે તેમ આજે રાજકીય વર્તુળો માની રહ્યા છે. જો કે આ સ્પર્ધામાં તીવ્ર સ્પર્ધા કોની કોની રહેશે તે તો પ્રચાર અભિયાન આગળ વધે તે પછી જ કળી શકાશે.

હજુ ભાજપમાં માણસા બેઠક માટે તો કોંગ્રેસમાં ગાંધીનગર (ઉ) અને દહેગામ બેઠક માટે કોકડુ ગુંચવાયેલુ છે. હવે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ ઉમેદવારોની પણ ધડકનો વધી રહી છે.

દરમ્યાન જિલ્લાની માણસા બેઠક માટે આજે મોડી સાંજે આમ આદમી પાર્ટીએ ભાસ્કર પટેલના નામની જાહેરાત કરી છે. ભાસ્કર પટેલ પાટણપુરાના વતની છે અને છેલ્લા ઘણા સમયથી તેઓ આમ આદમી પાર્ટીમાં સક્રિય થયેલા છે.

મળતા રાજકીય નિર્દેશો મુજબ આજે ચરાડામાં યોજાયેલ અર્બુદા સેનાના સંમેલનને લઈ આ બેઠકનું કોકડુ ગુંચવાયેલુ છે. જો કે અર્બુદા સેનાએ સંમેલનમાં તે સામાજિક સંગઠ્ઠન છે અને રાજકારણ સાથે લેવાદેવા નથી અને તે સામાજિક અભિયાનને જ આગળ ધપાવશે તેવી વાતો થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં વધુ નવ ઉમેદવારીપત્રો ભરાયા

દહેગામ, માણસા, કલોલ અને ગાંધીનગર (ઉ) બેઠક પર બે-બે અને ગાંધીનગર (દ) બેઠક પર એક ફોર્મ ભરાયુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો પર આજે વધુ નવ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ સાથે અત્યાર સુધીમાં ૧૭ ઉમેદવારોએ વિધાનસભાના જંગમાં ઝુકાવ્યુ છે.

જિલ્લામાં આજે ૪ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. કલોલ, દહેગામ, માણસા, ગાંધીનગર (ઉ)માં બે-બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તો ગાંધીનગર (દ) બેઠક પર એક ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ ૧૭મીએ છે આ દિવસે ઉમેદવારોનો ધસારો વધુ રહેશે તેવી ધારણા સાથે જિલ્લાતંત્રએ પણ આ અંગેની તૈયારીઓ કરી લીધી છે. જંગમાં ઝુકાવવા માટે ઈચ્છુકો દ્વારા જરૂરી પ્રમાણપત્રો મેળવવાની દોડધામ પણ વધી જવા પામી છે. જિલ્લામાં આજે પણ ૫૪ જેટલા ઉમેદવારીપત્રોનું વિતરણ થયુ હતુ.

જિલ્લામાં વિધાનસભા જંગ માટે જે રીતે ફોર્મ લઈ જવામાં આવ્યા છે તે જિલ્લામાં બહુકોણીય જંગના સંકેતો મળી રહ્યા છે. પ્રાદેશિક પક્ષો પણ આ જંગમાં ઝુકાવશે જેથી જંગ રોચક બનશે. જો કે કોંગ્રેસમાં દહેગામ-ગાંધીનગરનું કોકડુ ગુંચવાયેલુ છે તો માણસા બેઠક માટે ભાજપમાં મંથન ચાલી રહ્યુ છે. આમ આદમી પાર્ટી પણ કલોલ-માણસામાં ઉમેદવારોના નામ જાહેર કરવામાં અટવાઈ જવા પામી છે.

કલોલમાં રમેશભાઈ વાઘેલા તેમજ બસમાંથી મહેન્દ્રભાઈ સોલંકીએ ઉમેદવારી નોંધાવી છે. દહેગામમાં અમૃતભાઈ પટેલે અપક્ષ તેમજ ભૂપેન્દ્રભાઈ પટેલે આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી છે. માણસા બેઠક પર કોંગ્રેસના બાબુસિંહ ઠાકોરે તેમજ અપક્ષ ઉમેદવાર બળદેવભાઈ રાવળે ઉમદેવારી નોંધાવી છે.

ગાંધીનગર (ઉ) બેઠક માટે પ્રાદેશિક પક્ષ ગરવી ગુજરાત પાર્ટી તરફથી ધર્મેશભાઈ ઠાકોર અને અપક્ષ ઉમેદવાર તરીકે અલ્કેશભાઈ પરમારે ઉમેદવારી નોંધાવી છે. ગાંધીનગર (ઉ) બેઠક માટે આજે અપક્ષ ઉમેદવાર તરીકે વિષ્ણુજી ઠાકોરે ઉમેદવારી નોંધાવી છે.

આજે પંચના ઓબ્ઝર્વરો ગાંધીનગર આવી પહોંચશે

ઓબ્ઝર્વરો ગુરૂવારે ઉમેદવારી પત્ર ભરવાની કામગીરી સંપન્ન થયા બાદ જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટે નિમાયેલા ઓબ્ઝર્વર આજે ગાંધીનગર આવી પહોંચશે.

જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠક માટે નિમાયેલા ૩ જનરલ ઓબ્ઝર્વર રાજેશ યાદવ, એસ. પ્રકાશ, પી. દયાનંદ, ખર્ચ ઓબ્ઝર્વર સંતોષકુમાર અને વી.એસ. નેગી તેમજ પોલીસ ઓબ્ઝર્વર જ્યોતિ નારાયણ આજે મોડી સાંજે ગાંધીનગર આવી પહોંચશે.

રાજેશ યાદવ ગાંધીનગર (ઉ) અને દહેગામ બેઠક માટે ઓબ્ઝર્વર તરીકે સેવાઓ આપશે. એસ. પ્રકાશ ગાંધીનગર (દ) બેઠક માટે તેમજ પી. દયાનંદ માણસા અને કલોલ બેઠક માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે સેવાઓ આપશે. ઉમેદવારીત્ર ભરવાના અંતિમ દિવસે જનરલ ઓબ્ઝર્વર તેમજ ખર્ચ ઓબ્ઝર્વરની હાજરી હોવી જરૂરી હોવાથી તેઓ બુધવારે મોડી સાંજે ગાંધીનગર પહોંચશે.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે યુ.પી. કેડરના જ્યોતિ નારાયણની નિમણુંક કરવામાં આવી છે તેઓ પણ બુધવારે સાંજે ગાંધીનગર પહોંચી રહ્યા છે. જિલ્લામાં નિમાયેલા ઓબ્ઝર્વરો ગુરૂવારે ઉમેદવારી પત્ર ભરવાની કામગીરી સંપન્ન થયા બાદ જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજશે જેમાં તંત્રની તૈયારીઓ અંગેની વિગતો તેમને આપવામાં આવશે.

ગુરૂવારે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હોવાથી તંત્ર દ્વારા તે અંગે જરૂરી આયોજન પણ કરી લેવામાં આવ્યુ છે.

@-ઈલેક્શન

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૯મીએ વાપી-વલસાડમાં રોડ શો અને ૨૦મીએ ધોરાજી, અમરેલી અને બોટાદમાં જાહેરસભા સંબોધશે.
- ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ૧૮મીએ સોમનાથ, ચોર્યાસી અને રાજકોટમાં સભા કરશે.
- ટંકારામાં ભાજપના ઉમેદવાર સામે વાંધા અરજી ફગાવાઈ.
- ઉના બેઠક પર કોંગ્રેસના પૂંજા વંશનું ફોર્મ અમાન્ય ગણવા ભાજપની માંગણી.
- કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીએ આણંદમાં કાફલો રોકી પાણી-પુરીની લારી પર પાણી-પુરીનો સ્વાદ માણ્યો.
- આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે વલસાડમાં રોડ શો કરશે.
- વડોદરામાં આપના ઉમેદવાર સેજલ વ્યાસે ડીપોઝીટમાં આઠ હજારના સિક્કા આપતા તંત્ર ધંધે લાગ્યુ.
- કોંગ્રેસ કાર્યાલયમાં પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકીના સમર્થકો મોટી સંખ્યામાં રજૂઆત કરવા પહોંચ્યા હતા.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ બપોરે સાણંદના ઉમેદવાર કનુભાઈ પટેલના ઉમેદવારીપત્રક ભરવામાં જોડાયા હતા અને બપોર બાદ કમલમ્ ખાતે બાકીની ચાર બેઠકો માટે ચર્ચાઓ હાથ ધરી હતી.
- કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમે આપના ઈસુદાન ગઢવીના વખાણ કર્યા.
- ઉમેદવારી પત્રો ભરવાને આડે માત્ર ૨૫ કલાક બાકી છે છતાં કોંગ્રેસ ૪૧ ઉમેદવારોની જાહેરાત હજુ કરી શકી નથી
- માણસાના ભાજપના દાવેદાર અમીત ચૌધરીએ અમીત શાહની કમલમ્ ખાતે મુલાકાત લીધી હતી.

લોકશાહીના અવસર સમી ચૂંટણી ગુજરાતના આંગણે આવી છે. લોકશાહીના મુખ્ય આધારસ્તંભ મતદારો પોતાની નૈતિક ફરજ સમજી મતદાન કરે અને મતદાન કરવું કેમ જરૂરી છે, તેની જાગૃત્તિ આવે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃત્તિ અર્થે 'અવસર લોકશાહીનો' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તંદુરસ્ત લોકશાહી માટે મતદાનની આવશ્યકતા અને અનિવાર્યતા દર્શાવવા માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા જિલ્લાના પાંચેય વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન વધારવાના ઉમદા આશયથી સ્વીપ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત મંગળવારે ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં મતદાન જાગૃત્તિના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા માનવ સાંકળ રચીને 'વોટ' શબ્દ રચીને મતદાનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

ગુડા દ્વારા ગ્રામ વિકાસ યોજના અન્વયે

માળખાગત સુવિધાના કામોને અનુલક્ષી માસ્ટર પ્લાન તૈયાર

આગામી એક મહીના બાદ કામ હાથ ધરવામાં આવશે : માસ્ટર પ્લાન તૈયાર કરવા અગાઉ ખાનગી એજન્સી મારફતે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો : પાણી ગટર રસ્તા , સ્ટોર્મ વોટર લાઇન સ્ટ્રીટ લાઇટ ,આંગણવાડી અને પ્રાથમિક શાળાને અનુલક્ષી કામગીરીનુ આયોજન

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરના ૨૫ ગામોમાં ગ્રામ વિકાસ યોજના અન્વયે માળખાગત સુવિધાના કામોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુડાએ આ કાર્યયોજનાને અનુલક્ષી અગાઉ ખાનગી એજન્સી મારફતે સર્વે કરાવ્યો હતો જયારે સર્વેના અંતે ગામોમાં માળખાગત સુવિધાના વિવિધ કામો હાથ ધરવા માટે માસ્ટર પ્લાન પણ તૈયાર કરી દીધો છે. જયારે હાલ આ કાર્યયોજનાને અનુલક્ષી પ્લાનીંગ અને ડીઝાઈનીંગની કામગીરી થઈ રહી છે. આ કામોને મંજુરી આપી દેવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં આ ગામોમાં માળખાગત સુવિધાને અનુલક્ષી પાણી ગટર રસ્તા અને સ્ટ્રીટ લાઈટ સહીતના વિવિધ કામો પણ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં અનેકવિધ વિકાસ કામો પુર્ણ કરાયા છે. જયારે વિકાસના અનેકવિધ આયામો સાથે માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. વિવિધ ટી પી વિસ્તારમાં પણ માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે ગ્રામ્ય વિસ્તારોને પણ માળખાગત સુવિધાઓથી સજ્જ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્વયે ગ્રામ વિકાસ યોજના અન્વયે નવતર કામો હાથ ધરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે. અંદાજિત ૨૫ જેટલા ગામોમાં માળખાાગત સુવિધાના વિવિધ કામોને અંજામ આપવા માટે અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જયારે આ સર્વેના અંતે રીપોર્ટ પણ તૈયાર કરાયો હતો જે મુજબ આ ગામોમાં પંચાાયત ઘર, આંગણવાડી, પાણી , ગટર તેમજ સ્ટોર્મ વોટર લાઈન અને રસ્તા સહીતના કામો હાથ ધરવા માટે એક માસ્ટર પ્લાન પણ તૈયાર કરાયો છે. જયારે આ પ્લાન તૈયાર કરવા માટે ગુડા કક્ષાએથી ખાનગી એજન્સી મારફતે સર્વેની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. જેમાં માળખાગત સુવિધાના નવા

● અનુસંધાન પાન-૭ પર

આજે 'આપ'ના મુકેશ પટેલ ઉમેદવારી ફોર્મ ભરશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાની વિધાનસભા બેઠકો પર મતદાન બીજા તબક્કામાં યોજાવાનું છે. આ બેઠકો પૈકી બહુ ચર્ચિત ગાંધીનગર ઉત્તર બેઠક પર ગઈ કાલે ભાજપે તેના ઉમેદવારનું નામ જાહેર કર્યુ પરંતુ હજુ સુધી કોંગ્રેસે તેના ઉમેદવારનું નામ જાહેર કર્યુ નથી. બીજી તરફ આમ આદમી પાર્ટી દ્વારા અગાઉથી જ ગાંધીનગર ઉત્તર બેઠક માટે મુકેશભાઈ પટેલનું નામ જાહેર કરી દેવામાં આવ્યું હતું. આમ આદમી પાર્ટીના ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ઉમેદવાર મુકેશભાઈ પટેલ આવતીકાલે તા.૧૬મી નવેમ્બર બુધવારના રોજ સવારે ૯ કલાકે સરગાસણ ચાર રસ્તા ખાતેના પાર્ટી કાર્યાલયથી ચુંટણીનું ફોર્મ ભરવા કલેક્ટર કચેરી ખાતે જવા રવાના થશે. આ દરમ્યાન તેમની સાથે પાર્ટીના અગ્રણીઓ, કાર્યકરો અને તેમના ટેકેદારો પણ સાથે રહેશે.

ચૂંટણીની તાલિમમાં ૪૫ કર્મચારીઓની ગેરહાજરી : તંત્ર દ્વારા નોટીસ અપાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં વિવિધ ચૂંટણી વિષયક કામગીરી માટે તંત્ર દ્વારા તાલિમો આપવાની કામગીરી ચાલી રહી છે.

આજે ગાંધીનગર (ઉ) બેઠક માટે મહિલા પોલિંગ ઓફિસરોને તાલિમનું આયોજન સે. ૨૮ની સરકારી ઈજનેરી કોલેજ ખાતે કરવામાં આવ્યુ હતુ.

આ તાલિમમાં ૪૫ જેટલી મહિલા કર્મચારીઓ ગેરહાજર રહેતાં તેમને નોટીસ ફટકારવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. આ અગાઉ ૧૨મીએ યોજાયેલ તાલિમમાં ૧૦૦ જેટલા કર્મચારીઓએ ગુલ્લી મારી હતી.

તંત્રએ આ ગેરહાજરીને ગંભીર નોંધ લીધી છે અને ગેરહાજર કર્મચારીઓને નોટીસ ફટકારવામાં આવશે.

કર્મચારીઓની ગેરહાજરી એ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો હોઈ તંત્ર આ બાબતે જરૂર પડ્યે આકરા પગલાં લેવા માટે પણ મન બનાવી ચુક્યુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં નવા કર્મચારીઓની સંખ્યા વધુ છે તેમજ આ પ્રથમ ચૂંટણી હોઈ કર્મચારીઓને તાલિમ આપવી એ જરૂરી છે અને જે કર્મચારીઓની ગેરહાજરી જે જોવા મળી રહી છે તેથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

પાસપોર્ટ ખોવાયેલ છે

Sunilkumar Chandravadan Parikh

PASSPORT NO.
T6404257

Add. : Plot No. 380/A, 3 Parantap Appartment, B/h, Swaminarayan Temple, Sector-23, Gandhinagar-382023.

જે કોઈને મળે તેમણે નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

Sunil Parikh
Mo. 98240 63347
Mo. 98244 09370

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

શહેરમાં શિયાળામાં પાણીના વપરાશમાં ૧૦ ટકાનો ઘટાડો

ઠંડીના દિવસોમાં લાઇનમાં પ્રેશર વધતા લીકેજીસની સમસ્યા પણ વધી છે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી મોસમનો મિજાજ બદલાયો છે. જો કે હજુ બપોરે ગરમી અનુભવાય છે. જયારે સાંજ ઢળતા જ ઠંડીનુ મોજુ ફરી વળે છે. શિયાળાના પગરણ સાથે જ શહેરમાં પાણીનો વપરાશ પણ ઘટયો છે. શહેરમાં ઠંડીના દિવસોની શરૂઆતમાં જ પાણીના ૧૦ ટકા જેટલો વપરશા ઘટી ગયો છે. પાણીનો વપરાશ ઘટવાની સાથે લાઈનમાં પ્રેશર વધતા લીકેજીસની સમસ્યા પણ વધી છે. જો કે લીકેજીસની સમસ્યા પાછળ જુની લાઈન પણ જવાબદાર હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીમાં પાણીનો વપરાશ સૌથી વધુ થાય છે. જયારે પાણીના વપરાશની સાથે બગાડ પણ વધુ થાય છે. જયારે ગરમીના દિવસોના અંતે ચોમાસામાં પણ પાણીનો વપરાશ ઘટે છે. જયારે હવે દિવસે ગરમી અને રાત્રિના ઠંડીની ડબલ સિઝન વચ્ચે પણ શહેરના સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો વપરાશ ઘટયો છે. એક અંદાજ મુજબ દેશમાં સૌથી વધુ માથાદીઠ વપરાશ ગાંધીનગરાઓ કરે છે. નગરમાં ૨૪૦ લીટર માથાદીઠ પાણીનો સપ્લાય આપવામાં આાવે છે. આમછતા સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. આવા સંજોગોમાં શહેરમાં પાણીની લાઈન પણ દાયકાઓ જુની છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે હાલ શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જો કે આ પ્રોજેકટ પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં તંત્ર દ્વારા શહેરમાં ૬૫ થી ૭૦ એમ એલ ડી પાણીનો વપરાશ થાય છે. ઉનાળાની ગરમીના દિવસોમાં ૨૫ થી ૩૦ ટકા જેટલો પાણીનો વપરાશ વધે છે. જો કે ચોમાસામાં પણ આ વપરાશ યથાવત રહે છે. જેમાં આંશિક ઘટાડો થાય છે. જો કે શિયાળા દરમિયાન પાણીનો વપરાશ ઘટતા પાણીની લાઈનમાં પ્રેશર વધતા લીકેજીસની સમસ્યા પણ ઉઠવા પામે છે. જેના લીધે શહેરમાં વારંવાર ઠેકઠેકાણે લીકેજીસ થતા હોવાની ફરિયાદો પણ વધે છે.

જો કે હાલ પાણી પુરવઠા બોર્ડ દ્વારા નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ હોવાના લીધે પણ લાઈનમાં ભંગાણ થવાથી આ સમસ્યા વધી છે. શહેરમાં હજુ પાણીના નવા પ્રોજેકટનુ કામ પુર્ણ થતા સમય લાગે તેમ છે. ત્યારે હાલ જુની લાઈન આધારિત સપ્લાય આાપવામાં આવે છે. જયારે પાણી ગટરની દાયકાઓ જુની લાઈન હાલ તંત્ર માટે શિરદર્દ સમાન બની છે. વારંવાર લીકેજીસની સમસ્યાના લીધે તંત્ર દોડતુ થાય છે બીજીતરફ ગટર લાઈનમાં પણ મેઈનહોલ અને મુખ્યલાઈનમાં વારંવાર ભંગાણ થવાના લીધે સમસ્યા ઉઠતી રહે છે.

ગુડાની રાયસણ આવાસ યોજનામાં ગેસ લાઈન આપવા માટે સ્થાનિકોની રજુઆત

છેલ્લા સાત વર્ષના અંતે પણ આવાાસ યોજનાને અનુલક્ષી માળખાગત સુવિધાઓનો અભાવ : સ્થાનિકો દ્વારા વારંવાર ગુડાના તંત્રને પણ રજુઆત કરવામાં આવે છે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ સ્થિત ગુડાની આવાસ યોજનામાં વર્ષોના અંતે પણ માળખાગત સુવિધાઓનો અભાવ છે. એકબાજુ આ આવાસોની કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાનો રોષ પણ ચરમસીમાએ છે ત્યારે લીફટ પણ છેલ્લા ચાર વર્ષથી બંધ હાલતમાં છે. આવા સંજોગોમાં વર્ષોના અંતે પણ હજુ સુધી આવાસમાં ગેસ લાઈનનુ જોડાણ મળ્યુ નથી ત્યારે હવે સ્થાનિકોએ ગેસ લાઈનના જોડાણ માટે પ્રયાસો શરૂ કર્યા છે. આ મામલે તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની પ્રથમ આવાસ યોજનામાં હજુ માળખાગત સુવિધાના ઠેકાણા નથી જેના લીધે સ્થાનિક રહીશોમાં વારંવાર આક્રોશની લાગણી જોવા મળે છે. રાયસણમાં સ્થિ બ્લોક નં-૩૬૮માં સ્થિત શુભલાભ આવાસ યોજનાની કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાની ફરિયાદોનો આક્રોશ ચરમસીમાએ છે. આવાસોમાં ભેજ ઉતરવાની સાથે ટાઈલ્સો ઉખડી જવા સહીત વાયરીંગના પણ ઠેકાણા નથી જયારે આવાસની લીફટ પણ છેલ્લા ચાર વર્ષથી બંધ છે જેના લીધે આવાસના લાભાર્થીઓ પરેશાન છે. ડગલે ને પગલે હાલાકી વેઠતા રહીશોએ આ મામલે અનેકવાર ગુડાના તંત્રને રજુઆત કરી છે. આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી જયારે ગુડાની આવાસ યોજનાના વિસ્તારમાં સફાઈ કામગીરીના અભાવે પણ ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયા છે. આ સ્થિતિ વચ્ચે આવાસમાં ગેસ પાઈપલાઈન પણ ન હોવાથી રહીશોને હાલાકી

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar — experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
VINAYAK500 — ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com